
# ગાંધીનગરના ઓટો ઉદ્યોગ પર કોરોનાનુ પૈડુ ફરી વળ્યુ : વેચાણમાં ૫૮ ટકાનો ઘટાડો

**આર ટી ઓના ચોપડે વાહનોની નોંધણીમાં ઘરખમ ઘટાડો : આર ટી ઓની આવકમાં પણ ૫૦ ટકાની ગિરાવટ : ગત વર્ષે આર ટીઓ એ આ ૬ મહીનાના સમયગાળા દરમિયાન ૪૨.૬૬ કરોડની આવક કરી હતી જયારે આ વર્ષે માત્ર રૂ ૨૦.૨૨ કરોડની આવક કરી**

ગાંધીનગર તા ૧

કોરોના કાળમાં વેપાર ઉદ્યોગોના પૈડા ઠપ્પ થઈ ગયા હતા જયારે હાલ પણ આર્થિક મંદીની પોકાર વચ્ચે ઉદ્યોગજગત હજુ



પટરી પર ન હોવાનો સુર પણ ઉઠયો છે. કોરોના કાળમાં ઓટો સેકટર પણ વિશેષ પ્રભાવિત છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાહનોના વેચાણમાં નોંધપાત્ર ઘટડો થયો છે. વર્ષ ૨૦૧૯માં એપ્રિલથી સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન આર ટીઓ માં વાહનોની નોંધણી થઈ હતી તેની સાપેક્ષમાં વર્ષ ૨૦૨૦ના આ સમયગાળામાં વાહનોની નોંધણીનુ પ્રમાણ ૫૮ ટકા ઘટયુ છે. વાહન ખરીદીમાં થયેલા ઘટાડાની સાથે આર ટી ઓને થતી ટેક્ષની તગડી આવક પણ ૫૦ ટકા ઘટી છે.

સમગ્ર દેશ હાલ કાળમુખા કોરોનાની ગિરફતમાં છે. કોરોનાની મહામારીના લીધે દેશ દુનિયામાં છેલ્લા ૯ મહીનાથી કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ભારતમાં પણ કોરોનાએ ગત જાન્યુઆરી મહીનામાં કોરાનાએ દસ્તક દીધી હતી જયારે દિનપ્રતિદિન કોરોનાના વધતા કેસના લીધે હાલ ભયાવહ બનતા કોરોનાએ કહેર મચાવ્યો છે. કોરોનાના ફેલાતા સંક્રમણને અટકાવવા માટે સરકારે પ્રારંભિક તબક્કાથી જ લોકડાઉન અમલી કરી દીધુ હતુ સમગ્ર દેશમાં વેપાર ધંધા ઠપ્પ થઈ ગયા હતા જયારે બે અઢી મહીનાના જડબેસલાક લોકડાઉન બાદ વેપાર ઉદ્યોગોને પટરી પર લાવવા માટે અનલોક ૧ની જાહેરાત બાદ તબક્કાવાર છુટછાટ આપવામાં આવતા દેશમાં આર્થિક વ્યવ્હાર ધીમે ધીમે આગળ વધી રહ્યો છે. વેપાર ધંધા પણ શરતોને આધીન ચાલી રહ્યા છે. પરંતુ કોરોનાના કપરા કાળમાં દરેક વેપાર ઉદ્યોગોને ગ્રહણ લાગ્યુ છે. ત્યારે હાલ પણ સ્થિતિ કાંઈ ખાસ સુધારા પર નથી ગત વર્ષની

● અનુસંધાન પાન-૭ પર

**વર્ષ ૨૦૧૯માં એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન નોંધાયેલા વાહનો**

| વાહનોનો પ્રકાર | નોંધણી |
|---|---|
| ટુ વ્હીલર | ૧૩૯૩૯ |
| મોપેડ | ૧૬૮૯ |
| મોટર કેબ | ૪૭૫ |
| મોટર કાર | ૬૬૧૯ |
| થ્રી વ્હીલર | ૧૫૪૧ |
| ટ્રેકટર | ૧૦૩૧ |
| ટ્રેઈલર | ૪૪ |
| બસ | ૧૦૧૬ |
| એમ્બ્યુલન્સ | ૩૧૪ |
| અન્ય વાહનો | -- |
| કુલ વાહનો | ૨૭૯૦૧ |

**વર્ષ ૨૦૨૦ માંએપ્રિલ થી સપ્ટેમ્બર દરમિયાન નોંધાયેલા વાહનો**

| વાહનોનો પ્રકાર | નોંધણી |
|---|---|
| ટુ વ્હીલર | ૬૨૫૩ |
| મોપેડ | ૨૫ |
| મોટર કેબ | ૧૭૨ |
| મોટર કાર | ૩૭૧૫ |
| થ્રી વ્હીલર | ૧૨૮ |
| ટ્રેકટર | ૬૩૦ |
| ટ્રેઈલર | ૪૦ |
| બસ | ૧૧ |
| એમ્બ્યુલન્સ | ૪૪૮ |
| અન્ય વાહનો | -- |
| નોંધાયેલ વાહનો | ૧૧૭૦૨ |



ભંગાર હાલત - શહેરના હાર્દસમા ઘ-૫ વિસ્તારમાં હોશપૂર્વક બનેલા ફુડકોર્ટની હાલત આજે ભંગારની સ્થિતિએ પહોંચી છે... વિવાદ તો પહેલા દિવસથી જ હતો... કેટલીક દુકાનો ફાળવાઈ જ નહિ, અને કેટલીક દુકાનોનો કબજો ન લેવાયો અને કોરોનાનું ગ્રહણ ભળતા સ્થિતિ દયાજનક બની છે... અત્યારે જાણે કોઈ રણીધણી ન હોય એવી લાચાર સ્થિતિમાં ઉભેલી ફુડકોર્ટ ચાડી ખાય છે કે, આવી કેટકેટલી જગ્યાઓ અવાવરુ હાલતમાં જ મૃતઃપાય સ્થિતિમાં આવતી હશે... અને સરકારના અર્થાત આપણા ટેક્સના પૈસા આમ જ વેડફાઈ જતા હશે... ટીકા કરવી કે દયા ખાવી એજ ખબર નથી પડતી... છતાં તંત્રની બેદરકારી સામે આક્રોશ ઉભો થાય એવી સ્થિતિ તો ચોક્કસ છે...

# શહેરમાં ચિકનગુનિયાના કેસોની સંખ્યા ૧૦૦ પર પહોંચી

**૭૦ શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ : ૨૮ ખાનગી લેબોરેટરીના પરીક્ષણમાં દેખાયા તો બે ગાંધીનગર સિવિલમાં નોંધાયા : તંત્રની ચિંતા વધી**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના કહેર વચ્ચે ચિકનગુનિયાના વધતા જતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. શહેરમાં શંકાસ્પદ કેસો સહિત આ કેસોની સંખ્યા ૧૦૦ના આંકને પહોંચી ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે ચિકનગુનિયાના વધતા જતા કેસોને પગલે તંત્ર ઈનડોર ફોગીંગ તેમજ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે. ચિકનગુનિયાના કેસો ૪,૫,૬,૭ અને ૮ માં બહુ જ મળી આવ્યા છે.

સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રની ટીમો દ્વારા ચલાવાયેલી સર્વેલન્સની ઝુંબેશ દરમ્યાન ૧૨ હજાર જેટલા પાત્રોમાંથી એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. આ પોરા ખાસ કરીને પક્ષીકુંજ, છોડના કુંડા અને ભંગારમાંથી વધુ જોવા મળ્યા હતા. તંત્રએ આ બાબતે જે તે ઘર માલિકોને પુરતી કાળજી લેવા માટેની કડક તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

## જિલ્લા પંચાયત અને ૩ તા.પં.ના સીમાંકનના આખરી આદેશો જારી કરાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયત અને માણસા, કલોલ, ગાંધીનગર તાલુકા પંચાયતના નવા સીમાંકન અંગેના આખરી આદેશો આજે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે.

ડિસેમ્બરમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેની તૈયારીઓ ચૂંટણી પંચે વેગીલી બનાવી છે.

મળતી વિગતો મુજબ રાજકીય પક્ષો સાથેની પરામર્શ બેઠક પહેલાં નવા સીમાંકન અંગે ૩જી સપ્ટેમ્બરે પ્રાથમિક આદેશો પંચે જારી કર્યા હતા. આ પછી પંચને ૩૨ જેટલી રજુઆતો નવા સીમાંકન અંગેની મળી હતી પરંતુ પંચે મળેલ રજુઆતોને માન્ય કરી નથી.

આજે રાજ્ય ચૂંટણી પંચે વિધિવત્ રીતે નવા સીમાંકન અંગેના આખરી આદેશો કરી દીધા છે. જિલ્લા પંચાયતની બે બેઠકો નવા સીમાંકનમાં ઘટવા પામી છે.

# ટોરેન્ટ પાવરના ૬ કર્મીઓ કોરોનાથી સંક્રમિત થયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરને વીજ પુરવઠો પુરી પાડતી ટોરેન્ટ પાવરની ગાંધીનગર સ્થિત કચેરીના ૬ થી વધુ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયાની વાતો આજે શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બની હતી.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે ચારેક જેટલા ટોરેન્ટના કર્મયોગીઓ એન્ટીજન ટેસ્ટ કરાવવા સે. ૨૧માં ગયા હતા જ્યાં બે કર્મયોગીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા હતા.

આજે પણ આ સેન્ટર ખાતે વધુ કર્મયોગીઓ ટેસ્ટ કરાવવા ગયા હતા જેમાં ૪ કર્મચારીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જે ૬ કર્મયોગીઓ પોઝીટીવ આવ્યા છે તેમાં ત્રણેક ઓફિસર કક્ષાના છે. જ્યારે ૩ ટેકનીકલ કર્મયોગીઓ હોવાનું જાણવા મળેલ છે.

ટોરેન્ટ પાવરના તમામ કર્મયોગીઓને કાલે ટેસ્ટ કરાવી આવવાની સૂચના કંપનીના સત્તાવાળાઓએ આપી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં કલેક્ટર કચેરીમાં પણ સાત જેટલા કર્મયોગીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યાના અહેવાલોની શાહી હજુ સુકાઈ નથી ત્યાં આજે ટોરેન્ટ પાવરના કર્મયોગીઓ સપડાયાની વિગતો બહાર આવી છે.

ગાંધીનગરના સિમાડે આવેલ જીઈબી કોલોની નજીકની ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના ના.મ્યુનિ. કમિશનર ડૉ. અગ્રવાલે રાજીનામુ આપ્યુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાના નાયબ મ્યુનિ. કમિશનર ડૉ. જીતેન્દ્ર અગ્રવાલે તેમના હોદ્દા ઉપરથી રાજીનામુ આપી દીધુ છે.

યુ.પી.એસ.સી. દ્વારા સનદી સેવા માટે લેવાયેલ પરીક્ષામાં તેઓ ઉત્તીર્ણ થયા હતા. તેઓને નવી નિમણુંક માટે ૬ ઓક્ટો. સુધીમાં હાજર થવાનું કહેવામાં આવતાં તેમણે નાયબ મ્યુનિ. કમિશનર પદેથી રાજીનામુ આપ્યુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ આ રાજીનામાનો પત્ર મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલી આપેલ છે.

ગાંધીનગર શહેરની હદ વધતાં રાજ્ય સરકારે બીજા નયાબ મ્યુનિ. કમિશનરની નિમણુંક કરી હતી. હવે આ જગ્યા ખાલી પડશે. મનપાની હદ વધતાં તેના કાર્યભારણમાં વધારો થવા પામ્યો છે. હજુ કર્મચારીઓની ભરતી સહિતની તમામ કામગીરી બાકી છે.

સરકારે હદ વધારી દેવાનો રાજકીય નિર્ણય કર્યા પછી હજુ વહીવટીય પ્રક્રિયાઓ આ અંગેની શરૂ કરાઈ નથી ત્યારે આગામી દિવસોમાં શહેરમાં નવા પ્રશ્નો ઉભા થશે તેમ મનાઈ રહ્યુ છે.

# સે. ૨૮માં પાંચ મહિનાના બાળકને કોરોના

**સે. ૨ માં ૪ કેસ સહિત વધુ ૧૯ નવા કેસ નોંધાયા : આજે સે. ૨ માંથી ૪ કેસ ઉપરાંત સે. ૧૩, ૨૨ અને ૨૮ માંથી ૨-૨-૨ કેસ તેમજ સે. ૪, ૬, ૭, ૮, ૨૧, ૨૩, ૨૪, ૨૭ અને ઈન્દ્રોડામાંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧

સેક્ટર-૨ માંથી ૪ કેસ સહિત આજે વધુ ૧૯ કેસ ગાંધીનગર શહેરમાંથી નોંધાયા છે. આ સાથે કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૧૩૩૨ થવા પામી છે.

શહેરમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. જોકે બીજી તરફ રિકવરી રેટ ૭૦ ટકાથી પણ વધુ હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ જે ગતિએ કેસો વધી રહ્યા છે તે કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશી ચુક્યો હોવાની વાતને પુષ્ટી આપે છે. સત્તાવાર રીતે મનપા દ્વારા આ પ્રશ્નના ઉત્તરને ટાળવામાં આવી રહ્યો છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળવાના શરૂ થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે. છેલ્લા ૩ દિવસથી ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળવાના શરૂ થયા છે. આજે ઈન્દ્રોડા ગામેથી એક કેસ મળી આવ્યો છે. આ અગાઉ ધોળાકુવા, આદિવાડા અને પાલજમાંથી કેસો મળ્યા હતા.

આજે સે. ૨ માંથી ૪ કેસ ઉપરાંત સે. ૧૩, ૨૨ અને ૨૮ માંથી ૨-૨-૨ કેસ તેમજ સે. ૪, ૬, ૭, ૮, ૨૧, ૨૩, ૨૪, ૨૭ અને ઈન્દ્રોડામાંથી પણ કેસ મળી આવ્યા છે.

આજે સે. ૨૧માં રહેતા અને ઉમિયામાતાના મંદિર ખાતે સેવા આપતા ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી પણ એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવેલ છે.

સે. ૪ માંથી એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે આશ્કામાં દાખલ કરવામાં આવેલે છે. સે. ૨૩ માં ખાનગી વેપાર સાથે સંકળાયેલ ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

કોરોના માટે અતિ સંવેદનશીલ બનેલ સે. ૨ માંથી આજે ૪ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સે. ૨ માંથી ૫૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ટેકનીકલ સુપરવાઈઝર તરીકે સેવાઓ આપતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સચિવાલયમાં સેક્શન અધિકારી તરીકે નોકરી કરતી ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમજ ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ માટેની કડક તાકીદ કરી છે.

સે. ૨૨ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨૨માં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. સે. ૨૨માં રહેતા અને અમદાવાદ ખાતે એલઆઈસીમાં અધિકારી તરીકે નોકરી કરતા ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી તરીકે નોકરી કરતા ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માંથી પણ આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. પાંચ મહિનાની આયુ ધરાવતુ નાના ભુલકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ બાળકને હોમ આઈસોલેટ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત આજ સેક્ટરમાંથી ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૭ માંથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૩માં રહેતા અને છાલા ખાતે આયુર્વેદ મેડીકલ ઓફિસર તરીકે સેવાઓ આપતા ૬૧ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૫ કેસ

**ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૩, માણસામાં ૨, કલોલમાં ૩ કેસ નોંધાયા : ૧૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ કોરોનાના કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા કેસોમાંથી નવ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા ૧૫ કેસમાં ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૩, માણસામાં ૨ અને કલોલમાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કોટેશ્વરમાંથી ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

નભોઈમાંથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાં પુનઃ કોરોનાએ દેખા દીધી છે. ૨૫ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પેથાપુરમાંથી ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. તાલુકાના સગદલપુર ગામેથી બે કેસ મળી આવ્યા છે. ૪૯ વર્ષીય વેપારી અને ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત બબલપુરા ગામેથી ૫૩ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ આજે બે કેસ મળ્યા છે. રિદ્રોલ ગામેથી ૩૩ વર્ષીય યુવાન તેમજ ગુનમા ગામેથી ૭૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. આરસોડિયા ગામેથી ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

મંડળીના સભાસદોને જણાવવાનું કે, કોરોના વાયરસની વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખીને સરકારશ્રી તરફથી સહકારી સંસ્થાઓને સાધારણ સભા બોલાવવાની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવી છે અને સાધારણ સભા બોલાવવાની મુદત તા. ૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલી છે. આ ઉપરાંત સંસ્થાની વ્યવસ્થાપક કમીટી મુદત તા. ૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલી છે. સરકારશ્રીએ જાહેર કરેલ માર્ગદર્શિકા અનુસાર ચૂંટણી કરવામાં આવશે અને તે માટેની જાહેરાત ચૂંટણીના નિયમોનુસાર જે તે સમયે મંડળી તરફથી કરવામાં આવશે જેની સર્વે સભાસદોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

**BAHUCHARAJI RAIL CORPORATION LIMITED (BRCL)**

(A JV of G-RIDE, GIDC & MSIL)
CIN : U4510GJ2018SGC105602
Block No. 6, 7th Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar-382011.
Phone No.: 079-23232728/29, Email : accounts@brcl.org.in


**Offer for Internal Audit & Pre-Audit Work**

**Bahucharaji Rail Corporation Limited (BRCL)** intends to retain services of Practicing Chartered Accountant Firm / Company for Internal Audit & Pre-Audit for the financial year 2020-21. Interested firm / company may visit company's website **www.brcl.org.in** for offer document format, Eligibility criteria and Scope of Internal Audit & Pre-Audit.

**Last date for submission is 9th October 2020 upto 5.00 PM.**

**Chief Executive Officer**
**BRCL**

**પ્રથમ માસિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ માર્ગદર્શક હતા,
આપનો પરોપકારી સ્વભાવ, નિડરતા, પ્રમાણિકતા
અને સંસ્કારી ગુણોનો અમુલ્ય વારસો એ જ અમારા
ભાવિ જીવનની મહામુલી મુડી છે. આપના અધુરા
સ્વપ્નો પુરા કરવાની ઇશ્વર અમોને શક્તિ આપે,
આપના પવિત્ર આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સ્વ.કરણસિંહ દોલતસિંહ મહિડા (અધિક સચિવ)**
સ્વ.તા.૦૨-૦૯-૨૦૨૦

ગં.સ્વ. અનુબા (દેવકુંવરબા) કરણસિંહ મહિડા

દિલીપસિંહ દોલતસિંહ મહિડા — ધનકુંવરબા દિલીપસિંહ મહિડા
યશવંતસિંહ દોલતસિંહ મહિડા — ગીતાબા યશવંતસિંહ મહિડા
ધવલસિંહ કરણસિંહ મહિડા — ઈલાબા ધવલસિંહ મહિડા
તપનસિંહ દિલીપસિંહ મહિડા — હિરલબા તપનસિંહ મહિડા
અજયરાજ નકુમ — ગાયત્રીબા અજયરાજ નકુમ
કૌશલસિંહ ચૌહાણ — ક્રિશ્નાબા કૌશલસિંહ ચૌહાણ
યાત્રીકુંવરબા, હર્ષરાજસિંહ, આસ્થાબા, આરનાબા, જારવિબા, જયસ્વીબા, અર્કાન, અર્જુન

**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com